**ક્રિમીનલ કેસ નં. ૩૬૬/૨૦૧૨**

ચાર્જશીટ આવ્યા તારીખ : ૨૩–૦૧–૨૦૧૨
ચાર્જશીટ દાખલ તારીખ : ૨૩–૦૧–૨૦૧૨
નિર્ણય તારીખ : ૦૫–૦૪–૨૦૨૪
સમયગાળો : ૧૨–૦૨–૧૩
(વર્ષ/માસ/દિવસ)

**ક્રિમીનલ કેસ નં. ૫૪૦૬/૨૦૧૨**

ચાર્જશીટ આવ્યા તારીખ : ૨૦–૧૨–૨૦૧૨
ચાર્જશીટ દાખલ તારીખ : ૨૦–૧૨–૨૦૧૨
નિર્ણય તારીખ : ૦૫–૦૪–૨૦૨૪
સમયગાળો : ૧૧–૦૩–૧૬
(વર્ષ/માસ/દિવસ)

# નવસારીના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની અદાલતમાં, જી. નવસારી

**મુખ્ય ચાર્જશીટ ક્રિ.કેસ.નં. ૩૬૬/૨૦૧૨.**

**પુરવણી ચાર્જશીટ ક્રિ.કેસ.નં. ૫૪૦૬/૨૦૧૨.**
**આંક – ૪૧.**

**ક્રિમીનલ કેસ નં. ૩૬૬/૨૦૧૨**

ફરીયાદી : સરકારશ્રી
(મુળ ફરીયાદી : પો.કો. જાવેદ ઉમર મીયા આરબ)

**વિરૂઘ્ઘ**

આરોપી : મનોજભાઈ કુવરજીભાઈ કડવા પટેલ (યુ.ટી.પી.)
ઉ.વ. ૩૬, ધંધો – હીરા ઘસવાનો,
રહે. નવસારી, શાંતાદેવી રોડ, આનંદનગર, નવસારી.
મુળ રહે. મોરબી, નિત્યાનંદ સોસયાટી,
તા. મોરબી, જી. રાજકોટ

**ક્રિમીનલ કેસ નં. ૫૪૦૬/૨૦૧૨**

ફરીયાદી : સરકારશ્રી
(મુળ ફરીયાદી : પો.કો. જાવેદ ઉમર મીયા આરબ)

**વિરૂધ્ધ**

આરોપી : ચંદુભાઈ કાનાભાઈ મંઢ (આહીર)
ઉ.વ. ૩૨,
રહે. હમાપરગામ, શંકરની ડેલી સામે,
તા. ધોલ, જી. જામનગર

ગુના તહોમત : આર્મ્સ એકટ કલમ–૨૫(૧)A, (૧–બી)એ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો.

ફરીયાદ પક્ષે : વિધ્વાન એ.પી.પી.શ્રી જે. યુ. યાદવ
આરોપી તરફે : વિધ્વાન વકીલશ્રી એસ. એલ. વાઘ

**:: ચુ કા દો ::**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી તા. ૧૨/૦૭/૨૦૨૧ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યે મોજે. નવસારી બંદર રોડ ગાયત્રી મંદિરની પાછળ ખુલ્લા મેદાન પાસે આરોપી મનોજભાઈ કુવરજીભાઈ પટેલનાએ વગર પાસ પરમીટ અને ગેરકાયદેસર રીતે એક દેશી તમંચો કિંમત રૂા. ૧૦,૦૦૦/– તથા ૩ જીવતા કારતુસ કિં.રૂા. ૬૦૦/– તથા એક નોકીયા કંપનીનો મોબાઈલ ફોન મોડેલ નં. ૧૨૦૩ કિંમત રૂા. ૧૦૦૦/– તથા એક હોન્ડા ટવીસ્ટર મોટર સાયકલ નં. જીજે–૨૧–એસ–૫૪૪૦ કિંમત રૂા. ૪૫,૦૦૦/– મળી કુલ્લે રૂા. ૫૬,૬૦૦/– નો મુદ્દામાલ રાખી મે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, નવસારીનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ અને જે તમંચો તથા કારતુસ આરોપી ચંદુભાઈ કાનાભાઈ મંઢ (આહીર)નાએ આરોપી મનોજભાઈ કુવરજીભાઈ પટેલને વેચાણ માટે આપેલ અને પાછળથી પકડાઈ જઈ આર્મ્સ એકટ કલમ–૨૫(૧)A, (૧–બી)એ તથા

બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા મતલબની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશન સમક્ષ આપતાં ફરીયાદ આધારે ત.ક.અમલદારશ્રીએ પુરતી તપાસ કરી તપાસના અંતે આરોપીઓ સામે પ્રથમ ક્રિમીનલ કેસ નં.૩૬૬/૨૦૧૨ વાળી મુખ્ય ચાર્જશીટ અને તે પછી ક્રિમીનલ કેસ નં. ૫૪૦૬/૨૦૧૨ થી પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** ફોજદારી કેસ નં. ૩૬૬/૨૦૧૨ ના કામના આરોપીને સમન્સ/વોરંટ કરતાં આરોપી જણાવેલ સરનામે મળી આવતો ન હોય તે સમન્સ/વોરંટ વગર બજે પરત આવેલ જેથી આરોપી વિરૂઘ્ધ ચાર્જફ્રેમ થયેલ નહિ જેથી તા.૦૬–૦૨–૧૯ ના રોજ સદર કામ ડોરમેન્ટ ફાઈલ ઉપર મુકવાનો હુકમ આંક–૧ નીચે કરવામાં આવેલ અને તા. ૨૬–૦૫–૨૦૨૨ ના રોજ આ કેસ ડી.એફ.માંથી રેગ્યુલર કેસમાં કન્વર્ટ કરવામાં આવેલો. આમ આરોપી મળી આવતા ન હોવાથી સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલો અને આરોપી વિરૂઘ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે તેમજ ફોજદારી કેસ નં. ૫૪૦૬/૨૦૧૨ કે જે ફોજદારી કેસ નં. ૩૬૬/૨૦૧૨ ની પુરવણી ચાર્જશીટ હોય તે કામે આરોપીને સમન્સ બજવણી થતાં વિઘ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલા છે અને તેઓને સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે જરૂરી નકલો પુરી પાડવામાં આવેલ છે અને આરોપી સામે આંક–૧૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તેમજ આરોપીની આંક–૧૩ થી જવાબ નોંધતા આરોપીએ તેમની સામેના ગુના તહોમતનો ઈન્કાર કરતાં સદર કેસની કાર્યવાહી વોરંટ ટ્રાયેબલ પોલીસ ચલણ ચાર્જશીટેડ કેસ ચલાવવાની પઘ્ધતિ મુજબ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી કેસ નં. ૫૪૦૬/૧૨ એ ફોજદારી કેસ નં. ૩૬૬/૧૨ ની પુરવણી ચાર્જશીટ તરીકે ટ્રીટ કરી બંને કેસ ભેગો ચલાવવાનો હુકમ કરવામાં આવેલ અને નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, નવસારીના ઓર્ડર નં. જયુડી/એસટી/૧૧૭/૨૦૨૩, તા. ૦૮–૦૨–૨૦૨૩ થી ફોજદારી કેસ નં. ૩૬૬/૧૨ ને અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ અને ત્યારબાદ મુખ્ય કેસમાં પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| <u>આંક</u> | <u>મૌખિક પુરાવાઓ.</u> |
|---|---|
| ૦૩ | ફરીયાદી જાવેદ ઉમરમીયાં આરબની સોગંદ પરની જુબાની. |
| ૦૫ | પંચ સાહેદ મુકેશભાઈ શંકરરાવ ગોલેની સોગંદ પરની જુબાની. |
| ૦૭ | પંચસાહેદ રીયાઝ નિઝામુદૃીન શેખની સોગંદ પરની જુબાની. |
| ૦૯ | સાહેદ કાંતીલાલ નારાયણભાઈ પટેલની સોગંદ પરની જુબાની. |
| ૧૧ | સાહેદ લક્ષ્મણસિંહ અંદરસિંહ ચૌહાણની સોગંદ પરની જુબાની. |
| ૧૨ | સાહેદ જીજ્ઞેશ હરીશભાઈ ગોહેલની સોગંદ પરની જુબાની. |
| ૧૭ | પંચસાહેદ અસ્લમ અબ્દુલ શેખની સોગંદ પરની જુબાની. |
| ૧૮ | સાહેદ મહેશભાઈ રામજીભાઈની સોગંદ પરની જુબાની. |
| ૨૧ | સાહેદ વિશાલભાઈ હરીભાઈ મહાજનની સોગંદ પરની જુબાની. |

| <u>આંક</u> | <u>દસ્તાવેજી પુરાવાઓ.</u> |
|---|---|
| ૦૪ | અસલ ફરીયાદ |
| ૦૬ | કબજે કરેલ મુદૃામાલનુ પંચનામુ (અસલ) |
| ૦૮ | આરોપીના શરીરસ્થિતિનુ પંચનામુ (ઝેરોક્ષ) |
| ૧૦ | ચાર્જશીટ કરવા મંજુરી માંગતો પત્ર |
| ૨૨ | અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારીનુ જાહેરનામુ |
| ૨૩ | ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનો પત્ર અને તેની સાથેનો અહેવાલ (ઝેરોક્ષ) |
| ૨૭ | સેકશન (પરવાનગી) પત્ર |
| ૨૮ | કલેકટરશ્રીનો હુકમ |

(૪) આ સિવાય ફરીયાદપક્ષ તર્ફે અન્ય વધુ કોઈ પુરાવા રજુ ન કરાતા વિ. સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતી આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૧૩

અન્વયે આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં સદર કામના અમો આરોપી તદ્દન નિર્દોષ વ્યકિત છે. આવો કહેવાતો કોઈ મુદ્દામાલ અમો આરોપીના કબજામાંથી મળી આવેલ નથી તેમ છતાં પોલીસે અમારી ઉપર ખોટી રીતે કેસ કરેલ છે. અમો આરોપી બાળ બચ્ચાવાળા ઈસમ છીએ. મારા પરિવારમાં મારા નાના ત્રણ બાળકો છે. આવો ગુનો અમો આરોપીએ કયારેય અને કદી પણ કરેલ નથી. પોલીસે તેમની કામગીરી બતાવવા માટે અમો આરોપી વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે અને આવા મુદ્દામાલ બાબતે અમને કોઈ જાત માહિતી નથી તેવી હકિકત જણાવી વિશેષમાં જણાવેલ છે કે તેઓ સોગંદ ઉપરની જુબાની આપવા માંગતા નથી તેમજ બચાવના સાક્ષીઓ પણ તપાસવા માંગતા નથી.

**(૫)** ફરીયાદ પક્ષે વિધ્વાન એપીપીશ્રીને સાંભળ્યા. આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. ફરીયાદ પક્ષે વિધ્વાન એપીપીશ્રીએ ફરીયાદ પક્ષનો કેસ ફરીયાદ પક્ષે રજુ રાખેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ આધારે પુરવાર થતો હોઈ આરોપીઓને સજા કરવા વિનંતી કરેલી છે. આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નહી હોઈ આરોપીઓને છોડી મુકવા વિનંતી કરેલી છે.

**(૬)** આમ, હાલના કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ પુરાવા તેમજ ઉભય પક્ષ તર્ફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદપક્ષ એ હકિકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી તા. ૧૨/૦૭/૨૦૨૧ ના રોજ કલાક ૨૩/૦૦ વાગ્યે મોજે. નવસારી બંદર રોડ ગાયત્રી મંદિરની પાછળ ખુલ્લા મેદાન પાસે આરોપી મનોજભાઈ કુવરજીભાઈ પટેલનાએ વગર પાસ પરમીટ અને ગેરકાયદેસર રીતે એક દેશી તમંચો કિંમત રૂા. ૧૦,૦૦૦/– તથા ૩ જીવતા કારતુસ કિં.રૂા. ૬૦૦/– તથા એક નોકીયા કંપનીનો

મોબાઈલ ફોન મોડેલ નં. ૧૨૦૩ કિંમત રૂા.૧૦૦૦/– તથા એક હોન્ડા ટવીસ્ટર મોટર સાયકલ નં. જીજે–૨૧–એસ–૫૪૪૦ કિંમત રૂા. ૪૫,૦૦૦/– મળી કુલ્લે રૂા. ૫૬,૬૦૦/– નો મુદ્દામાલ રાખી મે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, નવસારીનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ અને જે તમંચો તથા કારતુસ આરોપી ચંદુભાઈ કાનાભાઈ મંઢ (આહીર)નાએ આરોપી મનોજભાઈ કુવરજીભાઈ પટેલને વેચાણ માટે આપેલ અને પાછળથી પકડાઈ જઈ આર્મ્સ એકટ કલમ–૨૫(૧)A, (૧–બી)એ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. હકારાત્મક (સી.સી. નં. ૩૬૬/૨૦૧૨ પુરતો)

૨. આખરી હુકમ મુજબ

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ :–**

**(૮)** સદર કેસનો નિર્ણય કરતાં પહેલા ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા તપાસેલા સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય તેની ચર્ચા કરવામાં આવેલ છે.

**(૯)** ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી જાવેદ ઉમરમીયાં આરબને આંક–૦૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, તા. ૧૨/૭/૧૧ ના રોજ હું નવસારી એલ. સી. બી. માં ફરજ બજાવતો હતો ત્યારે અમારા પી. એસ. આઈ. સાહેબે અમને જાણ કરેલી કે, હે.કો. લક્ષ્મણસિંહનાઓને ખાનગી રાહે બાતમી ધ્વારા મળેલ કે, બંદર રોડ ઉપર એક ઈસમ જેનું નામ મનોજ કુવંરજીભાઈ પટેલ, રહે. આનંદ નગર,શાતાદેવી રોડ કે જેણે લીલા કલરનું ટી શર્ટ પહેરેલ છે પીક કલરનું પેંટ પહેરેલ છે. જેની પાસે લાલ કલરની મોટરસાઈકલ છે અને તેની

પાસે એક દેશી તંમચો અને કારતુસ છે. જે વેચવા માટે બંદર રોડ ઉપર જનાર છે. તે હકીકતથી વાકેફ કરીને પી. આઈ. સાહેબે પંચોના માણસોને બોલાવી ઉપર વાળી બાતમીથી વાકેફ કરી પછી અમો તથા બીજા પોલીસના માણસો છુટાછવાયા વર્ણનવાળી જગ્યાએ જવા રવાના થયેલ. બંદર રોડ ઉપર ગાયત્રી મંદિરની પાછળ ખુલ્લા ગ્રાઉન્ડમાં પોલીસની હકીકત છુપાવી અમો ગોઠવાઈ ગયેલ. તે દરમીયાન વર્ણન વાળી વ્યકિત મોટર સાઈકલ પર આવેલ અને તેને પકડી પાડી તેને તેનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ મનોજ કુંવરજીભાઈ પટેલ રહે. આંનદનગર, શાતાદેવી રોડ, જણાવેલ અને તેની અંગજડતી કરતા તેના પેઢુમાંથી એક દેશી તંમચો મળી આવેલ અને પેંટના ખીસ્સામાંથી ત્રણ જીવતા કારતુસ તથા મોબાઈલ મળી આવેલ. સદર બાબતે તેનો પરવાનો માંગતા તે મળી આવેલ નહી. જેથી તંમચો, કારતુસ મોબાાઈલ અને મોટરસાઈકલ મળી કુલ ૫૬,૬૦૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ. સદર આરોપી મનોજ કુવંરજીભાઈ પટેલને પોતાની પાસે સદર મુદ્દામાલ વગર પાસ પરમીટે પકડાઈ ગયેલ હોઈ જેથી વિગતવારનું પંચનામુ કરી ફરીયાદ આપેલી છે. સદર હું ઈસમને પકડેલ ત્યારે આ ઈસમે હથીયાર કોની પાસેથી મેળવેલ તેની વિગત મેં જાણેલી નહી. બનાવ સંદર્ભે મેં ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે. તેમાં મારી સહી છે જેને રજુ દાખલા આંક–૪ આપવામાં આવે છે.

–– સી.આર.પી.સી.કલમ–૨૯૯ હેઠળ આરોપીની ગેરહાજરીમાં સદર ફરીયાદીનો પુરાવો લેવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૧૦)** ફરીયાદ પક્ષે આ કામના સાહેદ કાંતીલાલ નારાયણભાઈ પટેલને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, તા. ૧૨/૭/૧૧ ના રોજ હું નવસારી એલ. સી. બી. માં પી.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે હે. કો. લક્ષ્મણસિંહનાઓ ને ખાનગી રાહે બાતમી ધ્વારા મળેલ કે, બંદર રોડ ઉપર એક ઈસમ જેનું નામ મનોજ કુંવરજીભાઈ પટેલ, રહે. આનંદ નગર, શાંતાદેવી રોડ કે જેણે લીલા કલરનું ટી શર્ટ પહેરેલ છે પીક કલરનું પેંટ પહેરેલ છે. જેની પાસે લાલ કલરની મોટરસાઈકલ છે અને તેની પાસે એક દેશી તંમચો અને કારતુસ છે. જે વેચવા માટે બંદર રોડ ઉપર જનાર છે. તે હકીકતથી વાકેફ કરીને પી. આઈ. સાહેબે પંચોના

માણસોને બોલાવી ઉપર વાળી બાતમીથી વાકેફ કરી પછી અમો તથા બીજા પોલીસ ના માણસો છુટાછવાયા વર્ણન વાળી જગ્યાએ જવા રવાના થયેલ. બંદર રોડ ઉપર ગાયત્રી મંદિરની પાછળ ખુલ્લા ગ્રાઉન્ડમાં પોલીસની હકીકત છુપાવી અમો ગોઠવાઈ ગયેલ. તે દરમીયાન વર્ણનવાળી વ્યકિત મોટર સાઈકલ પર આવેલ અને તેને પકડી પાડી તેને તેનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ મનોજ કુંવરજીભાઈ પટેલ રહે. આંનદનગર, શાતાદેવી રોડ, જણાવેલ અને તેની અંગજડતી કરતા તેના પેઢુમાંથી એક દેશી તંમચો મળી આવેલ અને પેંટના ખીસ્સામાંથી ત્રણ જીવતા કારતુસ તથા મોબાઈલ મળી આવેલ. સદર બાબતે તેનો પરવાનો માંગતા તે મળી આવેલ નહી. જેથી તંમચો, કારતુસ, મોબાાઈલ અને મોટરસાઈકલ મળી કુલ ૫૬,૬૦૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ. સદર આરોપી મનોજ કુવંરજીભાઈ પટેલને પોતાની પાસે સદર મુદ્દામાલ વગર પાસ પરમીટે પકડાઈ ગયેલ હોઈ જેથી વિગતવારનું પંચનામુ કરી ફરીયાદ હે.કો.જાવેદભાઈએ આપેલી હતી. સદર હું ઈસમને પકડેલ ત્યારે આ ઈસમે હથીયાર કોની પાસેથી મેળવેલ તેની વિગત મેં જાણેલી નહી. આ બનાવના કામે ત.ક.અમલદાર ચાર્જશીટ કરવાનુ હોય જીલ્લા કલેકટરશ્રીની ચાર્જશીટ કરવાની મંજુરી મેળવવા માટે એસ.પી.સાહેબ મારફત પત્ર લખવામા આવેલ હતો. આ ઉપરાંત પાછળથી પકડાયેલ આરોપી ચંદુભાઈ કાનાભાઈ મંડ વિરૂઘ્ધ પણ ચાર્જશીટ કરવાની મંજુરી મેળવવા માટે પત્ર લખવામા આવેલ હતો. જે પત્ર પોલીસ પેપરમાંથી બતાવવામા આવે છે જે રજુ દાખલ આંક ૧૦ છે. મને મુદદામાલ આર્ટીકલ–૧ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે જે તે સમયે કબજે કરેલ તે છે. આરોપીને જોયેથી ઓળખી શકુ જે આજે કોર્ટમા હાજર છે.

**(૧૧)** ફરીયાદ પક્ષે આ કામના સાહેદ લક્ષ્મણસિંહ અંદરસિંહ ચૌહાણને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, ગઈ તા. ૧૩.૭.૨૦૧૧ ના રોજ નવસારી એલ.સી.બી. માં હે.કો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે શાંતાદેવી રોડ આનંદનગરમાં રહેતો મનોજ કુંવરજી નામનો ઈસમ કે જેને શરીરે લીલા કલરની જર્સી તથા ક્રીમ કલરનુ પાટલુન પહેરેલ છે અને પગમા ચંપલ પહેરેલ છે તે એક લાલ કલરની મોટર સાયકલ ઉપર નીકળી નવસારી બંદર રોડ તરફ જનાર છે અને તેની

પાસે એક દેશી લોખંડનો ધાતુનો બનાવેલ તમંચો છે અને જીવતા કારતુસ છે જેવી હકીકતના આધારે મે એલ.સી.બી. પી.આઈ. કે.એન.પટેલનાઓને હકીકતથી વાકેફ કર્યા અને તેઓએ સ્ટાફના માણસો તથા પંચોના માણસો બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી તેઓ સાથે તથા સ્ટાફના તથા પંચોના માણસો સાથે બંદર રોડ ગાયત્રી માતાના મંદીરની પાછળ છુટાછવાયા વોચમા ઉભા હતા. દરમ્યાન સદર બાતમીના વર્ણનવાળો ઈસમ મો.સા.લઈને આવતા તેને રોકી તેના નામઠામની ખાતરી કરી તેની અંગઝડતી કરતા તેની પાસેથી એક લોખંડના ધાતુનો બનાવેલ દેશી તમંચો તથા ૩ જીવતા કારતુસ મળી આવેલ. જેની પાસે આ હથીયાર રાખવા બાબતે લાયસન્સ માંગતા નહી હોવાનુ જણાવેલ. જેથી તેની પાસેથી મોબાઈલ, કારતુસ તથા તમંચો વિ.નુ પી.આઈ.એ પંચનામુ કરી તપાસાર્થે કબજે કરેલ અને આ બાબતે નવસારી સીટી પો.સ્ટે.માં આરોપી વિરૂઘ્ધ સાથેના જાવેદ ઉમરનાઓએ ફરીયાદ આપેલી અને તમામ મુદ્દામાલ કબજે કરેલ. ત.ક.અમલદારે મારુ નીવેદન લીધેલુ. બીજુ કોનુ નામ ખુલેલુ તે ખબર નથી. તમંચો તથા ૩ કારતુસ બતાવતા હુ ઓળખી બતાવુ. આરોપીને જોયેથી ઓળખી શકુ.

—— આ કામે આંક–૧૧ થી તપાસેલ સાહેદ લક્ષ્મણસિંહનાઓની ઉપરોકત મુજબની સરતપાસ થયેલી પરંતુ સદર સાહેદને હાલમાં ચાર્જશીટ કરનાર સાહેદ તરીકે દર્શાવેલ છે અને તે બાબતે સદર સાહેદની કોઈ સરતપાસ કે ઉલટતપાસ થયેલ ન હોય સદર સાહેદની ફરીયાદ પક્ષ ફરીથી સરતપાસ કરવા માંગતા હોય તે મતલબની સદર સાહેદને રીકોલ કરવાની આંક–૨૬ ની અરજી લગત થયેલ હુકમ આધારે સી.આર.પી.સી.કલમ–૩૧૧ અન્વયે સદર સાહેદને રીકોલ કરવાની અરજી મંજુર કરી સદર સાહેદને ફરીથી સોગંદ ઉપર સરતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે આ કામની ફરિયાદ નોંધાયા બાદ આગળની તપાસ શ્રી એસ.એન.વાઘનાઓએ કરેલી અને તપાસના કામે અમોનું નિવેદન લેવામાં આવેલ હતુ. ત્યારબાદ આ કામની તપાસ આગળ વધતા અમોને તપાસ સુપરત કરવામાં આવેલ હતી તે તપાસના કામે અમોએ તમામ કાગળોનો અભ્યાસ કરી આરોપીઓ વિરુઘ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ. મને તારીખઃ ૦૭/૧૨/૨૦૧૧ના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નવસારીનાઓનું હુકમ બતાવવામાં

આવે છે તે જોઈને કહુ છુ કે, તે ચાર્જશીટ કરતી વખતે અમોએ આરોપીઓ વિરુધ્ધ પરવાનગી મેળવેલ છે તે હુકમ છે જેને રજુ દાખલ આંક ૨૭ આપવામાં આવે છે તથા અમો તારીખ : ૦૬/૧૦/૨૦૧૨ના રોજ જિલ્લા મેજીસ્ટ્રેટનો હુકમ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તે અમોએ આરોપીઓ વિરુધ્ધ પુરવણી ચાર્જશીટ વખતે મેળવેલ હતુ તે હુકમ છે જેને રજુ દાખલ આંક ૨૮ આપવામાં આવે છે. આ કામના આરોપીઓને ઓળખુ છુ જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

સદર સાહેદની આરોપી તરફેના વિ.વકીલશ્રી એ.સી.ક્રિશ્ચયનનાએ સી.સી. નં. ૩૬૬/૨૦૧૨ ના કામે કરેલી ઉલટ તપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે એ વાત ખરી નથી કે, તપાસના કામે આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો જણાય આવેલ ન હોવા છતાં ખોટી રીતે ચાર્જશીટ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, મે કલેકટર સાહેબશ્રી પાસેથી સેંકશન મેળવેલ નથી. એ વાત ખરી છે કે, સેંકશન મેળવવા માટે મારી અગાઉના તપાસ કરનાર અમલદારે કયા કયા આગળો કલેકટરશ્રીને મોકલાવેલા તેની મને માહીતી નથી. એ વાત ખરી નથી કે, આરોપી વિરુધ્ધ આર્મ્સ એકટ અંગેનો ગુનો નહી બનતો હોવા છતા ખોટા કાગળો કલેકટરશ્રી પાસે રજુ કરી ખોટી રીતે પરવાનગી મેળવેલ છે. એ વાત ખરી નથી કે, ગુનાવાળી જગ્યા વસ્તી ધરાવતી જગ્યા છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલા નથી. એ વાત ખરી નથી કે, બીન વારસી મળેલ મુદામાલ આરોપી પાસેથી મળેલ હોવાનું બતાવી આરોપી સામે ખોટી રીતે ચાર્જશીટ દાખલ કરેલ છે.

સદર સાહેદની આરોપી તરફેના વિ.વકીલશ્રી એસ.એલ. વાઘનાએ સી.સી. નં. ૫૪૦૬/૨૦૧૨ ના કામે કરેલી ઉલટ તપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી નથી કે, તપાસના કામે આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો જણાય આવેલ ન હોવા છતાં ખોટી રીતે ચાર્જશીટ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, મે કલેકટર સાહેબશ્રી પાસેથી સેંકશન મેળવેલ નથી. એ વાત ખરી છે કે, સેંકશન મેળવવા માટે મારી અગાઉના તપાસ કરનાર અમલદારે કયા કયા આગળો

કલેકટરશ્રીને મોકલાવેલા તેની મને માહીતી નથી. એ વાત ખરી નથી કે, આરોપી વિરુધ્ધ આર્મ્સ એકટ અંગેનો ગુનો નહી બનતો હોવા છતા ખોટા કાગળો કલેકટરશ્રી પાસે રજુ કરી ખોટી રીતે પરવાનગી મેળવેલ છે. એ વાત ખરી નથી કે, ગુનાવાળી જગ્યા વસ્તી ધરાવતી જગ્યા છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલા નથી. એ વાત ખરી નથી કે, બીન વારસી મળેલ મુદામાલ આરોપી પાસેથી મળેલ હોવાનું બતાવી આરોપી સામે ખોટી રીતે ચાર્જશીટ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, આરોપી ચંદુભાઈ પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ નથી.

**(૧૨)** ફરીયાદ પક્ષે આ કામના સાહેદ જીજ્ઞેશ હરીશભાઈ ગોહેલને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મારી પાસે હીરો હોન્ડા ટવીસ્ટરની મોટર સાયકલ જેનો નંઃ જી.જે.૨૧.એસ.૫૪૪૦ ની હતી. મે મનોજ કુંવરજીને ઓળખતો હોય તેણે મને કહેલ કે શાળામા છોકરાને લેવા જવાનુ હોવાથી મારી મો.સા તેને ૧૦ થી ૧૫ મીનીટ માટે આપેલી. ત્યારબાદ મારી બાઈક પરત ન આવતા તપાસ કરતાં જાણવા મળેલ કે મનોજ મારી બાઈક સાથે તમંચા સાથે પકડાઈ ગયેલ છે. જે બનાવ ૧૧ થી ૧૨ વર્ષ પહેલા બનેલ. જે આરોપી મનોજને કોર્ટમા હાજર હોવાથી ઓળખુ છુ.

**(૧૩)** ફરીયાદ પક્ષે આ કામના સાહેદ મહેશભાઈ રામજીભાઈને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હુ ૨૦૧૧ માં એલસીબી, નવસારી પો.સ્ટે. ખાતે ફરજ બજાવતો હતો. બનાવના દિવસે હુ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો એલસીબીમાં હાજર હતા તે દરમ્યાન હે.કો. લક્ષ્મણસિંહ એ.ચૌહાણનાઓને બાતમી મળેલી. તે બાતમી પો.ઈ.શ્રી કે.એન.પટેલનાઓએ અમો સ્ટાફને સમજ કરેલ કે હે.કો.લક્ષ્મણસિંહ એ. ચૌહાણનાઓને બાતમી મળેલ છે કે શાંતાદેવી રોડ વિસ્તારમાં રહેતો મનોજ કુંવરજી પટેલ એક લાલ મોટર સાયકલ ઉપર તમંચો તથા કારતુસ લઈ બંદર રોડ ઉપરથી પસાર થનાર છે તેવી બાતમીથી વાકેફ કરતા બે પંચોના માણસોને બોલાવેલા અને તેઓને પણ બાતમીથી વાકેફ કરેલા

અને તેઓએ પંચમાં રહેવા સ્વખુશી બતાવેલી. ત્યારબાદ અમો પોલીસના માણસો તથા પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં બાતમી હકિકતવાળી જગ્યાએ ગયેલા અને છુટાવાયા વોચમાં ગોઠવાયેલા. તે દરમ્યાન બાતમી હકિકતમાં જણાવેલ વર્ણનવાળો ઈસમ આવતા તેને રોકી પંચોની રૂબરૂ અંગજડતી કરતા તેના કબજામાંથી દેશી હાથ બનાવટનો તમંચો તથા ત્રણ જીવતા કારતુસ મળી આવેલા. જે અંગે પો.ઈ.શ્રી કે.એન. પટેલનાઓએ પંચોની રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરી ગુનાના કામે તમંચો તથા જીવતા કારતુસ અને મોબાઈલ અને મોટર સાયકલ કબજે કરેલા. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે.એન.પટેલનાઓએ આરોપીને ગુનાના કામે અટક કરેલી અને આ બાબતે મારો જવાબ લીધેલો. આરોપીઓને ઓળખુ છુ. આરોપી ચંદુભાઈ કાનાભાઈ હાજર નથી. તેઓ તરફે વિ.વકીલશ્રીએ એકઝમ્પશન અરજી આપેલ હોઈ અને ઓળખ અંગેની તકરાર જતી કરેલ હોય ઓળખ અંગેનો પ્રશ્ન રહેતો નથી. આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલ હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં છે. મને આરોપી પાસેથી મળી આવેલ તમંચો અને જીવતા કારતુસનો મુદ્દામાલ બતાવવામાં આવે છે જે ઓળખી બતાવુ છુ.

સદર સાહેદની આરોપી નં. ૧ તરફેના વિ.વકીલશ્રીએ કરેલી ઉલટ તપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, તા. ૧૨–૧–૧૧ ના રોજ દશ–અગિયાર વાગે બાતમી મળેલી. બાતમી મળ્યા પછી અમો થોડીકવારમાં બાતમીવાળા સ્થળ ઉપર જવા નીકળી ગયેલા. પો.ઈ. કે.એન.પટેલ અમારા ઉપરી અધિકારી છે અને તેમના હાથ નીચે અમો કામ કરીએ છીએ. એ હકિકત ખરી નથી કે ફકત ઉપરી અધિકારીના કહેવાથી જ અમો બાતમીવાળા સ્થળ ઉપર ગયેલા. બનાવ વખતે અમારી ડયુટી એલ.સી.બી. પોલીસ સ્ટેશનમાં હતી. મારી ડયુટી જે જગ્યાએ હતી તે બાબતનો કોઈ આધાર પુરાવો મે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે હુ અને મારા સાહેબ વોચમાં હતા નહી. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં પોલીસે કોઈ ઈસમ આવ્યો હોય અને તેની અંગજડતી કરેલ હોય તેમ બનેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે બાતમીની નોંધ રજીસ્ટરમાં કરેલ છે કે કેમ તે હુ કહી શકુ નહિ. એ વાત ખરી છે કે બાતમી કેટલા વાગે મળેલી તે નિવેદનમાં લખાવેલ નથી.

**(૧૪)** ફરીયાદ પક્ષે આ કામના સાહેદ વિશાલભાઈ હરીભાઈ મહાજનને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું સને ૨૦૧૧ ની સાલમાં નવસારી એલ.સી.બી. ખાતે ફરજ બજાવતો હતો. તારીખઃ ૧૨/૦૭/૨૦૧૧ના રોજ હું તથા હે.કો. લક્ષ્મણસિંહ અંદરસિંહ, પો.કો. ઉમેશ કૃષ્ણપ્રસાદ, પો.કો.જાવેદભાઈ તથા બીજા પોલીસના માણસો એલ.સી.બી.કચેરી ખાતે હાજર હતા. ત્યારે પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે.એન. પટેલ સાહેબનાઓએ જણાવેલ કે હે.કો. લક્ષ્મણસિંહનાઓને પોતાના ખાનગી બાતમીદારથી બાતમી મળેલ છે કે એક ઈસમ પોતાના કબજામાં દેશી હાથ બનાવટનો કટ્ટો તથા કારતુસ લઈ વેચવાની ફીરાકમાં છે તેણે શરીરે લીલા કલરનુ ટી શર્ટ અને ક્રિમ કલરનું પેન્ટ તથા લાલ કલરની મોટર સાયકલ પર શાંતાદેવી રોડથી બંદર રોડ તરફ જનાર છે એ બાતમીથી અમોને વાકેફ કરી તેમજ પંચોના માણસો બોલાવી તેમને પણ બાતમી અંગે સમજ કરી સાથે રહેવા કહેતા તેઓએ પંચમાં રહેવા સ્વખુશી બતાવેલી. અમો તથા બીજા પોલીસના માણસો શાંતાદેવી રોડ ખાતે આવેલ ગાયત્રી મંદિરના પાછળના ભાગે ગ્રાઉન્ડ ઉપર છુટા છવાયા વોચમાં ઉભા હતા <u>તે દરમ્યાન બાતમીમાં દર્શાવેલ ઈસમ પોતાની મોટર સાયકલ લઈને આવી પહોંચતા તેને કોર્ડન કરીને પંચો રૂબરૂ તેનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ મનોજ કુંવરજીત પટેલ, રહે : શાંતાદેવી રોડ, આનંદ નગરના હોવાનું જણાવેલ</u>. <u>તેની પંચો રૂબરૂ અંગ ઝડતી કરતા તેની સાથળના ભાગેથી એક દેશી હાથ બનાવટનો કટટો તેમજ પેન્ટના ખિસ્સામાંથી ત્રણ જીવતા કારતુસ મળી આવેલા</u>. <u>દેશી કટ્ટાને જોતાં તે લોખંડની બનાવટનો ચાલુ હાલતમાં હોય, તેમજ કારતુસ પર જોતાં ઈંગ્લીશમાં ૮ એમ.એમ.કે.એફ. લખેલુ હોવાનું જણાય આવેલ</u>. <u>ઉપરોકત દેશી કટ્ટો તથા કારતુસ રાખવા બાબતે તેની પાસે કોઈ પરવાની/ લાયસન્સ માંગતા તેણે નહી હોવાનું જણાવેલ જેથી તમામ મુદ્દામાલ પોલીસ ઈન્સ્પેકટર સાહેબનાઓએ વિગતવારનું પંચનામુ કરી કબજે લીધેલ</u>. તેમજ તમંચા ની કિંમત રૂપિયા ૧૦,૦૦૦/– તથા ત્રણ કારતુસની કિંમત રૂપિયા ૩૦૦/– તેમજ પિસ્ટન મોટર સાયકલ જેનો નંબર જીજે ૨૧–એસ. ૫૪૪૦ જેની કિંમત રૂપિયા ૪૫,૦૦૦/– ગણી લઈ તમામ મુદ્દામાલની કિંમત કુલ્લે ૫૬,૬૦૦/– નો મુદ્દામાલ ગુનાના કામે કબજે કરેલો. તેમજ સાથેના પો.કો. જાવેદ ઉમરનાઓએ ફરિયાદ આપેલી. <u>મને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ</u>

મુદ્દામાલ આર્ટીકલ નંબર ૧ બતાવવામાં આવે છે તે તમંચો છે તે જોઈને કહુ છુ કે તે ગુનાના કામે આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલ પાસે કબજે કરવામાં આવેલો તે જ તમંચો છે. મને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ આર્ટીકલ નંબર ૨ બતાવવામાં આવે છે તે ત્રણ જીવતા કારતુસ છે તે જોઈને કહુ છુ કે તે ગુનાના કામે આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલ પાસેથી કબજે કરવામાં આવેલો તે જ ત્રણ જીવતા કારતુસ છે. ગુનાના કામે મારુ નિવેદન લીધેલુ. આરોપીને ઓળખુ છુ. જે આજ રોજ કોર્ટમાં હાજર છે.

સદર સાહેદની આરોપી તરફેના વિ.વકીલશ્રીએ સી.સી. નં. ૩૬૬/૨૦૧૨ ના કામે કરેલી ઉલટ તપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, પી.આઈ. કે.એન. પટેલ અમારા ઉપલી અધિકારી છે. એ વાત ખરી છે કે, ઉપલી અધિકારીની સુચના મુજબ અમારે કામગીરી કરવી પડે. એ વાત ખરી છે કે, મારી રૂબરુમાં બાતમીદારે કોઈ બાતમી આપેલ નથી. એ વાત ખરી છે કે, બાતમી અંગેની નોંધ કોઈ રજીસ્ટરમાં થયેલી છે કે કેમ એ બાબતે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, આરોપી ચોકકસ બાતમી વાળો જ ઈસમ છે કે કેમ તે હુ કહી શકુ નહી.

**(૧૫)** વધુમાં, ફરીયાદ પક્ષે આંક–૦૫ અને આંક–૧૭ થી કબજે કરેલ મુદ્દામાલના પંચનામાના પંચો અનુક્રમે મુકેશભાઈ શંકરરાવ ગોલે અને અસ્લમ અબ્દુલ શેખને સોંગંદ ઉપર તપાસેલા છે. તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. અને તેઓએ આંક–૦૬ વાળા પંચનામાની હકીકતને કોઈ રીતે સમર્થન આપેલ નથી. આમ આંક–૦૫ અને આંક–૧૭ વાળા પંચોની જુબાનીથી આંક–૦૬ વાળુ કબજે કરેલ મુદ્દામાલનુ પંચનામું પુરવાર થતું નથી. તેવી જ રીતે ફરીયાદ પક્ષે આંક–૦૭ થી પંચ રીયાઝ નિઝામુદ્દીન શેખને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ આંક–૦૮ વાળા આરોપીના શરીરસ્થિતિના પંચ છે. તેઓ પણ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. તેઓની જુબાની આધારે પણ આંક–૦૮ વાળા પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી અને તેઓએ સદર તૈયાર પંચનામાઓ માં ફકત સહી કરેલી અને તે સિવાય બીજી કોઈ વિગત તેઓ જાણતા ન હોવાનુ સ્વીકારેલ છે.

**(૧૬)** આ કામના આરોપીઓ ઉપર આર્મ્સ એકટ કલમ–૨૫(૧)A, (૧–બી)એ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો તહોમત છે. જે અંગેની કાયદાકીય જોગવાઈ નીચે મુજબ છે.

SECTION 25 : Punishment for certain offences

[(1) Whoever-

(a) manufactures, sells, transfers, converts, repairs, tests or proves or exposes or offers for sale or transfer, or has in his possession for sale, transfer, conversion, repair, test or proof, any arms or ammunition in contravention of section 5; or

(b) shortens the barrel of a firearm or converts an imitation firearm into a firearm in contravention of section 6; or

[(c)* * *]

(d) brings into, or takes out of India, any arms or ammunition of any class or description in contravention of section 11, shall be punishable with imprisonment for a term which shall not be less than three years but which may extend to seven years and shall also be liable to fine.

(1A) Whoever acquires, has in his possession or carries any prohibited arms or prohibited ammunition in contravention of section 7 shall be punishable with imprisonment for a term which shall not be less than five years, but which may extend to ten years and shall also be liable to fine.

(1AA) Whoever manufactures, sells, transfers, converts, repairs, tests or proves, or exposes or offers for sale or transfer or has in his possession for sale, transfer, conversion, repair, test or proof, any

prohibited arms or prohibited ammunition in contravention of section 7 shall be punishable with imprisonment for a term which shall not be less than seven years but which may extend to imprisonment for life and shall also be liable to fine.

(1B) Whoever-

(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of section 3; or

(b) acquires, has in his possession or carries in any place specified by notification under section 4 any arms of such class or description as had been specified in that notification in contravention-of that section; or

(c) sells or transfers any firearm which does not bear the name of the maker, manufacturer's number or other identification mark, stamped or otherwise shown thereon as required by sub-section (2) of section 8 or does any act in contravention of sub-section (1) of that section; or

(d) being a person to whom sub-clause (ii) or sub-clause (iii) of clause (a) of sub-section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section; or

(e) sells or transfers, or converts, repairs, tests or proves any firearm or ammunition in contravention of clause (b) of sub-section (1) of section 9; or

(f) brings into, or takes out of, India, any arms or ammunition in contravention of section 10; or

(g) transports any arms or ammunition in contravention of section 12; or

(h) fails to deposit arms or ammunition as required by sub-section (2) of section 3 or sub-section (1) of section 21; or

(i) being a manufacturer of, or dealer in, arms or ammunition, fails, on being required to do so by rules made under section 44, to maintain a

record or account or to make therein all such entries as are required by such rules or intentionally makes a false entry therein or prevents or obstructs the inspection of such record or account or the making of copies of entries therefrom or prevents or obstructs the entry into any premises or other place where arms or ammunition are or is manufactured or kept or intentionally fails to exhibit or conceals such arms or ammunition or refuses to point out where the same are or is manufactured or kept,

shall be punishable with imprisonment for a term which shall not be less than 23 [one year] but which any extend to three years and shall also be liable to fine:

Provided that the Court may for any adequate and special reasons to be recorded in the judgment impose a sentence of imprisonment for a term of less than 23 [one year].

**(૧૬.૧)** ઉપરોકત કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો, આ કામે આર્મ્સ એકટની કલમ–૩ ધ્યાને લેવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

SECTION 3: Licence for a acquisition and possession of fire-arms and ammunition

[(1)] No person shall acquire, have in his possession, or carry any firearm or ammunition unless he holds in this behalf a licence issued in accordance with the provisions of this Act and the rules made thereunder:

Provided that a person may, without himself holding a licence, carry any; firearm or ammunition in the presence, or under the written authority, of the holder of the licence for repair or for renewal of the licence or for use by such holder.

(2) Notwithstanding anything contained in sub-section (1) no person, other than a person referred to in sub-section (3), shall acquire, have in his possession or carry, at any time, more than three firearms:

Provided that a person who has in his possession more firearms than three at the commencement of the Arms (Amendment) Act, 1983, may retain with him any three of such firearms and shall deposit, within ninety days from such commencement the remaining firearms with the officer in charge of the nearest police station or, Subject to the conditions prescribed, for the purposes of sub-section (1) of section 21, with a licensed dealer or, where such person is a member of the armed forces of the Union, in a unit armoury referred to in that sub-section.

Nothing contained in sub-section (2) shall apply to any dealer in firearms or to any member of rifle club or rifle association licensed or recognised by the Central Government using a point 22 bore rifle or an air rifle for target practice.

The provisions of sub-section (2) to (6) (both inclusive) of section 21 shall apply in relation to any deposit of firearms under the proviso to sub-section (2) as they apply in relation to the deposit of any arms or ammunition under sub-section (1) of that section.]

**(૧૬.૨)** આમ, ઉપરોકત ચર્ચા કરેલ કાયદાકીય જોગવાઈને ઘ્યાને રાખી સદર કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો આ કામે તપાસેલ પોલીસ સાહેદો પોતાની જુબાનીમાં મળેલ બાતમીના આધારે છુટાછવાયા વર્ણનવાળી જગ્યાએ ગોઠવાયેલા તે દરમ્યાન બાતમી હકિકતમાં જણાવેલ વર્ણનવાળો ઈસમ આવતા તેને રોકી તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ મનોજ

કુંવરજીભાઈ પટેલ હોવાનુ અને તેની અંગજડતી પંચો રૂબરૂ કરતા તેના કબજામાંથી દેશી હાથ બનાવટનો તમંચો તથા ત્રણ જીવતા કારતુસ મળી આવેલા. જે અંગે પો.ઈ.શ્રી કે.એન. પટેલનાઓએ પંચોની રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરી ગુનાના કામે તમંચો તથા જીવતા કારતુસ અને મોબાઈલ અને મોટર સાયકલ કબજે કરેલા અને સદર આરોપી મનોજ કુંવરજીભાઈ પટેલ પાસે સદર મુદ્દામાલ રાખવા અંગે કોઈ પાસ પરમીટ ન હોવાનુ જણાવેલ જે બાબતે જયારે કોઈ વ્યકિત પાસેથી ગેરકાયદેસર પરવાનગી વગર હથિયાર કબ્જે કરવામાં આવે ત્યારે સદરહુ વ્યકિત પાસેથી કલમ–૩ મુજબની પરવાનગી હોવી જરૂરી છે અને આ કામે તેવુ કોઈ લાયસન્સ આ કામના આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલ પાસેથી મળી આવેલ નથી તેમજ સદર મુદ્દામાલને પોતાની જુબાની દરમ્યાન સદર સાહેદો ઓળખી બતાવે છે તેમજ સદર મુદ્દામાલ સી.સી. નં. ૫૪૦૬/૧૨ ના કામના આરોપી ચંદુભાઈ પાસેથી મેળવેલ હોય તેવી કોઈ હકિકત આ કામે તપાસેલ આંક–૦૩ અને આંક–૦૯ ના સાહેદોની જુબાનીમાં જણાઈ આવતો નથી તેમજ આંક–૧૧ થી તપાસેલ સાહેદ પોતાની ઉલટ તપાસમાં સદર મુદ્દામાલ આરોપી ચંદુભાઈ પાસેથી રીકવર કરવામાં આવેલ ન હોવાનુ કબુલેલ છે. જેથી સી.સી. નં. ૫૪૦૬/૧૨ ના કામે આરોપી ચંદુભાઈને સદર ગુના તહોમતમાં તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આર્મ્સ એકટ અન્વયે જયારે કોઈ વ્યકિત પાસેથી પરવાનગી વિનાનું હથિયાર કબ્જે કરવામાં આવે ત્યારે આર્મ્સ એકટની કલમ–૩ મુજબ હથિયારની પરવાનગી ન હોય ત્યારે કલમ–૩૯ મુજબ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરતાં પહેલાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની લેખિત પરવાનગી લેવી જરૂરી હોય તે લેખિત પરવાનગી આ કામે લીધેલ હોવાનુ તપાસ કરનાર અમલદારે પોતાની આંક–૧૧ ની જુબાનીમાં જણાવેલ છે. જે ધ્યાને લેતાં આ કામે કલમ–૩૯ ની કાયદાકીય જોગવાઈ નીચે મુજબ છે.

> SECTION 39 : Previous sanction of the District Magistrate necessary in certain cases
>
> No prosecution shall be instituted against any person in respect of any offence under section 3 without the previous sanction of the District Magistrate.

**(૧૬.૩)** ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં જયારે કલમ–૩ મુજબના ગુના બાબતે હોઈ ત્યારે કલમ–૩૯ મુજબ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની પરવાનગી વગર કોઈ વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી કરી શકાય નહિ. તેવી મેન્ડેટરી જોગવાઈ કરવામાં આવેલ છે અને આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા કલમ–૩૯ મુજબની મંજુરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની લેવામાં આવેલ હોવાનુ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી જણાઈ આવે છે જેથી કલમ–૩૯ મુજબ મેન્ડેટરી જોગવાઈઓનો કોઈ ભંગ થયેલ ન હોય સી.સી. નં. ૩૬૬/૧૨ ના આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલને કાયદાની કલમ–૩૯ માં દર્શાવેલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની મંજુરીના આધારે સદર આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ હોય જે ધ્યાને લેતાં આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલને તકસીરવાન ઠરાવી શકાય તેમ આ અદાલતનુ સ્પષ્ટપણે માનવું છે.

**(૧૬.૪)** વધુમાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા જે કહેવાતો દેશી બનાવટનો તમંચો તેમજ ત્રણ જીવતા કારતુસ કબ્જે કરવામાં આવેલ છે તે દેશી તમંચો અને કારતુસ ચાલુ હાલતમાં હોવાની હકિકત ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૧ થી તપાસેલ સાહેદ પોતાની સરતપાસમાં જણાવે છે તથા સદર કબજે કરેલ મુદ્દામાલ દેશી બનાવટનો તમંચો તથા ત્રણ જીવતા કારતુસનો એફ.એસ.એલ. ચકાસણીનો રીપોર્ટ આ કામે આંક–૨૩ થી રજુ થયેલ જે ધ્યાને લેતાં આ કામે કહેવાતો કબજે કરેલ દેશી બનાવટનો તમંચો હતો તથા ત્રણ જીવતા કારતુસોનુ ટેસ્ટ ફાયરીગ કરતા તે જીવંત હતા અને સફળતાપુર્વક ફાયર થયેલાનુ જણાઈ આવેલ છે. જેથી ફરીયાદપક્ષ એ હકિકત રેકર્ડ પર નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલને આર્મ્સ એકટ અન્વયે તકસીરવાન ઠરાવી શકાય તેવુ અત્રેની અદાલતનુ સ્પષ્ટપણે માનવુ છે.

**(૧૬.૫)** આમ, અગાઉ ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ ધ્વારા આરોપી પાસેથી દેશી બનાવટનો તમંચો અને ત્રણ જીવતા કારતુસ કબજે કરેલાની હકિકત પણ ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી

શકેલ હોય તે તમામ સંજોગો ધ્યાને લેતાં તથા આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરતાં પહેલાં જીલ્લા મેજીસ્ટ્રેટરીની મંજુરી પણ લીધેલ હોય સી.સી.નં. ૩૬૬/૧૨ ના કામના આરોપી મનોજ કુંવરજીભાઈ પટેલને આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ) તથા (૧–બી)એ મુજબ તકસીરવાન ઠરાવી શકાય તેમ છે તથા વધુમાં આ કામે આરોપી સામે બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના આક્ષેપો જોતાં બનાવ વખતે આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ પટેલ પાસે હથિયાર હતુ તે હકિકત જયારે ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોય આ કામે બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ પણ આરોપી મનોજકુમાર કુવરજીભાઈ પટેલને આ કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ હોય ત્યારે અને ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૧ તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત પુરાવાના સિધ્ધાંતો મુજબ સાબિત કરતા હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય સી.સી. નં. ૩૬૬/૧૨ ના કામના આરોપી પુરતો હકારમાં આપવામાં આવે છે અને પુરવણી ચાર્જશીટ નં. ૫૪૦૬/૧૨ ના આરોપી પુરતો નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>:: આ ખ રી હુ ક મ ::</u>

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આરોપી ચંદુભાઈ કાનાભાઈ મંઢ (આહીર) નાઓને (સી.સી. નં. ૫૪૦૬/૨૦૧૨) ના કામે તેમની સામેના આર્મ્સ એકટ કલમ–૨૫(૧)A, (૧–બી)એ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સબબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે આરોપી મનોજભાઈ કુવરજીભાઈ કડવા પટેલનાઓને (સી.સી. નં. ૩૬૬/૨૦૧૨) ના કામે તેમની સામેના આર્મ્સ એકટ કલમ–૨૫(૧)A, (૧–બી)એ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) (સી.સી. નં. ૫૪૦૬/૨૦૧૨) ના કામના આરોપી ચંદુભાઈ કાનાભાઈ મંઢ (આહિર)નાએ અપીલ સમયગાળા દરમ્યાન માટે ક્રી.પ્રો.કો.ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના સઘ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા કરી આપવા.

(૪) સજા અંગે સાંભળવા માટે આ કામ મુલત્વી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૫ મી માહે એપ્રિલ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૫–૦૪–૨૦૨૪
નવસારી

**ભટ્ટ જીજ્ઞેશકુમાર જનાર્દન**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
નવસારી, જી. નવસારી
કોડ નં. જીજે૦૦૭૫૦.

સજાના મુદ્દે આ કામે આરોપી મનોજભાઈ કુંવજરજીભાઈ કપવા પટેલનાઓના વિ.વ.શ્રી એસ. એલ. વાઘને સાંભળ્યા. તેઓ એમ જણાવે છે કે આરોપી ગરીબ છે. પરિવાર વાળા છે. પ્રથમ ગુન્હો છે, કોઈ ગુનાહિત ઈતિહાસ નથી તેમજ ઘરની તમામ જવાબદારી તેમના શિરે છે જેથી ઓછામાં ઓછી સજા કરવા અને સી.આર.પી.સી. કલમ–૩૬૦ તથા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમ–૩ તથા ૪ અન્વયે પ્રોબેશનનો લાભ આપવા વિનંતી કરેલ છે.

ફરીયાદ પક્ષે વિધ્વાન એપીપીશ્રી જે. યુ. યાદવે રજુઆત કરી જણાવેલ છે કે, આરોપીને હાલના કામે તકસીરવાન ઠરાવેલ છે અને આરોપીએ વગર પાસ પરમીટ અને ગેરકાયદેસર રીતે એક દેશી તમંચો તથા ત્રણ જીવતા કારતુસ રાખી મે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, નવસારીનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનાહીત કૃત્ય કરેલ છે તે પુરવાર થયેલ છે. સમાજમાં આવા પ્રકારના બનાવો બનવાનું પ્રમાણ મોટી માત્રામાં વધી ગયેલ છે જેને કોઈ રીતે હળવાસથી લઈ શકાય નહીં. જેથી આરોપીને મહત્તમ સજા કરવા તેઓએ વિનંતી કરેલ છે. તેમજ તેઓએ ગુનાની ગંભીરતા લક્ષમાં લઈ આરોપીને સી.આર.પી.સી. કલમ–૩૬૦ કે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમ–૩ તથા ૪ અન્વયેનો લાભ નહી આપવા વિનંતી કરેલ છે.

ઉભય પક્ષની દલીલો ધ્યાને લેતાં તથા આરોપી સામે આક્ષેપાયેલ ગુનામાં જયારે હાલના આરોપીએ વગર પાસ પરમીટ અને ગેરકાયદેસર રીતે એક દેશી તમંચો તથા ત્રણ જીવતા કારતુસ રાખી મે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, નવસારીનાઓના જાહેરનામાનો ભંગ કરેલ છે. જેથી આરોપીના સદર કૃત્યને કોઈ રીતે હળવાસથી લઈ શકાય નહીં. તેમજ સમાજમાં દાખલો બેસે તેવી સજા આરોપીને કરવી ઉચિત જણાય છે. વધુમાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવો કે કેમ તે બાબતે અત્રેની અદાલત ધ્વારા ઉંડાણપુર્વક વિચારણા કરવામાં આવેલ છે તેમજ આરોપી સામે પુરવાર થયેલા ગુનાની ગંભીરતા લક્ષમાં લઈ આરોપીને સી.આર.પી.સી. કલમ–૩૬૦ કે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમો – ૩, ૪ અન્વયેનો લાભ આરોપીને આપવા યોગ્ય નથી અને તેવો લાભ આપવાથી સમાજ ઉપર વિપરીત અસર પડે તેમ હોઈ આરોપીને આવો કોઈ લાભ નહી આપી પરંતુ આરોપી ગરીબ પરીવારવાળા અને તેઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી તેમજ પરીવારના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોય

ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણો જોતા આ કામના આરોપીને આક્ષેપીત ગુના હેઠળની મહત્તમ સજા ન કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ જણાઈ આવે છે જે સબબ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે આરોપી મનોજભાઈ કુવરજીભાઈ કડવા પટેલનાઓને (સી.સી. નં. ૩૬૬/૨૦૧૨) ના કામે તેમની સામેના આર્મ્સ એકટ કલમ–૨૫(૧)A, (૧–બી)એ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી ઉપરોકત તમામ કલમોના ભંગ બદલ સંયુકત રીતે ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ દેશી તમંચો નંગ–૧ તથા ત્રણ જીવતા કારતુસ ડી.એસ.પી. કચેરી, નવસારી ખાતે જમા કરાવી નિયમ મુજબ નિકાલ કરવો તથા મુદ્દામાલ મોબાઈલ તથા મોટર સાયકલ તેના મુળ માલિકને ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી મનોજભાઈ કુંવરજીભાઈ કઠવા પટેલનાઓ હાલ યુ.ટી.પી. તરીકે જેલમાં રહેલ હોય તેઓએ કાચા કામે ભોગવેલ સમય સી. આર. પી. સી. કલમ– ૪૨૮ હેઠળ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) વધુમાં એ હુકમ કરવામાં આવે છે કે સી.આર.પી.સી.કલમ–૩૬૩(૧) અન્વયે સદર ચુકાદાની એક નકલ આરોપીને વિનામૂલ્યે આપવાની રહેશે.

હુકમ આજ રોજ તા. ૦૫ મી માહે એપ્રિલ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૫–૦૪–૨૦૨૪
નવસારી

**ભટ્ટ જીજ્ઞેશકુમાર જનાર્દન**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
નવસારી, જી. નવસારી
કોડ નં. જીજે૦૦૭૫૦.